# ટ્રેક નં. ૬૯ : જ્ઞાનગોષ્ઠી–૨

આ છે ખૂબ ટૂંકા પ્રશ્નોના ટૂંકા જવાબો પૂજ્ય બહેનશ્રી દ્વારા.

✻ માંગલિક :

✻ ભક્તિ : નહીં દેતું ઉપદેશકું, પ્રથમ લે ઉપદેશ,
સબસે ન્યારા અગમ હૈ, વો જ્ઞાનીકા દેશ.

**✻ પ્રશ્ન : એક જ સમયમાં પુરુષાર્થ અને ક્રમબદ્ધ હોય?**

● ઉત્તર : બેય સાથે હોય છે. પુરુષાર્થ જે કરે પોતે તે તરફ વળ્યો, જ્ઞાયક તરફ પુરુષાર્થ વળ્યો. પોતે પુરુષાર્થ કરીને પોતા તરફ વળ્યો એ પુરુષાર્થ થયો અને એ જ વખતે જે પરિણતિ જે એનો જે સ્વભાવ હતો તે રીતે જે રીતે થવાયોગ્ય હતું તે થયું—એ બધું સાથે હોય છે. બેય વિરોધી લાગે પણ બધું સાથે હોય છે. ૧.

**✻ પ્રશ્ન : જુદું લાગે છે?**

● ઉત્તર : બેય સાથે હોય છે. ૨.

**✻ પ્રશ્ન : ક્રમબદ્ધપર્યાય અને પુરુષાર્થ બે વિરોધી લાગે. પુરુષાર્થથી જે વસ્તુ પ્રગટી ત્યારે ક્રમબદ્ધપર્યાય એ જ વખતે આવી જાય છે?**

● ઉત્તર : બધું એક સાથે હોય. ક્રમબદ્ધ ને પુરુષાર્થને સંબંધ હોય છે. જે થવા યોગ્ય છે તે થયું. ઈ પણ થવાયોગ્ય એવી રીતે થાય છે કે પુરુષાર્થથી થાય છે. પુરુષાર્થને થવાયોગ્ય ને સ્વભાવને બધું એક સાથે હોય છે. ૩.

**✻ પ્રશ્ન : ક્ષયોપશમ ?**

● ઉત્તર : બધું એક સાથે હોય છે. ૪.

હા. ક્ષયોપશમ ઈ જાતનો ક્ષયોપશમ ભાવ આ બધું એકસાથે હોય છે. ૫.

**✻ પ્રશ્ન : કારણ કે વિરોધતા લાગે એટલે?**

● ઉત્તર : લાગે એવું! ૬.

✻ પ્રશ્ન : માતાજી, તત્ત્વકો સુગમતાસે સમજનેકે લિયે સરળ શાસ્ત્ર કૌનસા હૈ ?

● ઉત્તર : શાસ્ત્ર ભેદજ્ઞાનકી બાત જિસમે આતી હૈ વો શાસ્ત્ર સરળ હૈ. પણ સમયસારમેં સબ આ જાતા હૈ. તો ભી ઈસકા રહસ્ય બતાનેવાલા તો (પૂ.) ગુરુદેવ થા. શાસ્ત્ર તો થા, પણ ઈસકા રહસ્ય ક્યા આચાર્યદેવ કહેતા હૈ યે સબ રહસ્ય ગુરુદેવને બતાયા. સમયસાર શાસ્ત્રમેં સબ આ જાતા હૈ. જ્ઞાયકકી બાત, સ્વભાવકી, વિભાવકી, સબ. કર્તા, અકર્તા સબ બાત ઈસમેં, મુક્તિકા માર્ગમેં સબ પ્રયોજનભૂત સબ બાત સમયસારમેં, સ્વાનુભૂતિકી સબ બાત આ જાતી હૈ. ૭.

✻ પ્રશ્ન : આપકી પાસસે બહોત હિંમત આ ગઈ ! ક્યોંકિ અંદરમેં વિચાર કરતે તો કુછ સમજમેં નહીં આતા. વિકલ્પોમેં જાતે તો ભી કુછ નહીં મિલતા ! લગતા હૈ ઈસકાલમેં આત્મા મિલના મુશ્કિલ હૈ ! લેકિન આપકી પાસસે થોડી બહોત હિંમત આ ગઈ.

● ઉત્તર : મિલના મુશ્કિલ નહીં હૈ. આત્મા પોતે જ છે સ્વ. પોતે પોતાને ભૂલી ગયો છે. અનંતકાળથી પોતે પોતાને ભૂલી ગયો (છે.) જ્ઞાયક ઈનકા સ્વભાવ, જ્ઞાન સ્વભાવકો ગ્રહણ કર જ્ઞાયકકો ગ્રહણ કર લે તો સમીપ જ છે. દૂર નથી. પણ અંતરમાં, ભીતરમાં અનાદિકાળના અભ્યાસને લઈને વિકલ્પ વિકલ્પની એવી એકત્વ-બુદ્ધિ હો રહી હૈ, તો જે ભિન્ન કરનેકા યે મુશ્કિલ હો જાતા હૈ.

સ્વભાવ તો સુલભ છે. યે વિભાવ દુર્લભ હૈ. પરપદાર્થ અનંતકાળ ગયા તો ભી અપના નહીં હુઆ. અરે! સ્વભાવ તો સરળ ને સુગમ છે. એ પોતે, પોતે જ છે. ક્યાંય શોધવા જાય તો બહાર નથી શોધવા જવાનો. અંતરમાં જોઈએ તો પોતે જ. સ્વ-પોતે જ બેઠેલો છે. પોતાનું અસ્તિત્વ જ્ઞાયકનું અસ્તિત્વ એ મોજુદ જ છે. અનંતકાળ ગયો તોય પરપદાર્થ અપના નહીં હુઆ. પર તો પર હૈ. સ્વ તો સ્વ હી હૈ. આત્માકો ગ્રહણ કરે એકવાર. પ્રથમ ભૂમિકા વિકટ

છે પણ એકવાર આત્માકો ગ્રહણ કરે, પીછે સરળતાસે માર્ગ સુલભ હો જાતા હે. થોડાકાળમેં ઈસકા દર્શન, જ્ઞાન, ચારિત્ર યે સબ પ્રગટ કરકે મુક્તિ હો જાતી હે. કેવળ જ્ઞાન પ્રાપ્ત હોતા હે. ૮.

**✻ પ્રશ્ન : સબ દ્રવ્ય શુદ્ધ હૈ. તો આત્મીયતા ક્યોં અનાદિસે લગી હૈ સમજમેં નહીં આતા?**

● ઉત્તર : અપની ભૂલકે કારણ. સબ તો સબ શુદ્ધ હે. આત્મા ભી શુદ્ધ હે. અપની ભૂલસે અશુદ્ધતા હો રહી હે. સબ દ્રવ્યમેં તો ઐસા હે કિ ઉસમેં ભૂલ નહીં હે. આ ચૈતન્ય હે વહ ભૂલ ભ્રાંતિમેં પડા હે. ઈસલિયે ઈસમેં અશુદ્ધતા....એ પોતે શુદ્ધ હોવા છતાં એની વિભાવ પરિણતિ તરફ જઈ રહ્યો છે એ આશ્ચર્યની વાત છે. પોતે ચૈતન્ય હોકર, જાણનાર હોકર ભી પર પદાર્થ તરફ ભ્રાંતિ કરકે વહાં જાતે હે. યે આશ્ચર્યકી બાત હે. ચૈતન્યમેં ભૂલ હો રહી હે. પર્યાયમેં ભૂલ હો રહી હે. ૯.

✻ બહેનશ્રી : કેવાં શાસ્ત્ર, કેવાં રચાયાં કેટલી વાર, ષટ્ખંડ આગમમાં એમાં ક્ષયોપશમ શું હતું એની દશાની શું વાત કરવી? પ્રયોજનભૂત તત્ત્વ જાણે તો આત્માની પ્રાપ્તિ કરી શકે. ૧૦.

**✻ પ્રશ્ન : તેની તીવ્રતા કેટલી?**

● ઉત્તર : એની તીવ્રતા. એને પુરુષાર્થ કરે તો હો શકતી હે. પોતે નક્કી કરે કે વિભાવમેં કુછ સુખ નહીં હે. ૧૧.

**✻ પ્રશ્ન : બહાર અચ્છા લગતા હૈ....?**

● ઉત્તર : બહાર અચ્છા લગતા હે. ભીતરમેં અચ્છા લગતા હે. વે નક્કી કરે. સ્વભાવકો ગ્રહણ કરકે નક્કી કરે કે સ્વભાવમેં હી અચ્છા હે. વિભાવમેં અચ્છા નહીં હે. યે તો સબ દુઃખરૂપ, આકુળતા રૂપ હે એમ નક્કી કરના ચાહિયે. ઐસા દૃઢ નિશ્ચય કરના ચાહિયે. એ તો સબ આકુળતા આકુળતા હે. ક્યાંય સુખ દિખને મેં આતા હી નહીં. યે સબ વિકલ્પકી જાળમેં અપની ઈચ્છાકે માફક કોઈ પર પદાર્થ હોતા હી નહીં હે. વિકલ્પમેં સબ આકુળતા હે ઐસા યથાર્થ

નક્કી કરે, સ્વભાવકો નક્કી કરે કિ યે મેરા સ્વભાવ હૈ. યે પ્રતીતિ દૃઢ કરે. જ્ઞાયકમેં હી સુખ હૈ. જ્ઞાયક સ્વભાવ હી મહિમાવંત હૈ. મહિમાકા ભંડાર હૈ જ્ઞાયક. તો બહારકી મહિમા છૂટ જાય. સ્વભાવકી મહિમા આવે. સ્વભાવકી જરૂરિયાત લગે. વિભાવસે વિરક્તિ આવે. એ વિભાવમેં અચ્છા લગે? સ્વભાવકી મહિમા લગે. સ્વભાવકો વિચાર કરકે ગ્રહણ કરે કે સુખ તો આમાં જ છે. બહાર ક્યાંય નથી. એમ વિચાર કરીને જ્ઞાયક સ્વભાવને ગ્રહણ કરે. વિભાવથી વિરક્તિ આવે. સ્વભાવની મહિમા આવે તો એને રુચિ. એવી રીતે રુચિ દૃઢ કરે, દૃઢ કર્યા કરે, વિચાર કરે.

મહાપુરુષો પણ બધું છોડીને આત્માને—સ્વભાવને ગ્રહણ કરીને બધેથી અંતરથી વિરક્તિ ને સ્વભાવની મહિમા લાવે ને બધું આત્માની સાધના કરી છે આત્મા જ સર્વશ્રેષ્ઠ પદાર્થ છે ને અંતરમાં વિચાર કરીને નક્કી કરે કે આ સ્વભાવ જ મહિમાવંત છે. એમ કરીને રુચિ કરે. ૧૨.

**✻ પ્રશ્ન : પર્યાયકો અંદર વાળ એટલે શું?**

● ઉત્તર : પર્યાય બહાર જાતી હૈ ઉસ સ્વભાવ તરફ વાળ. એટલે કે દ્રવ્ય પર દૃષ્ટિ કર તો પર્યાય અંદર, દ્રવ્ય પર દૃષ્ટિ કરે તો પર્યાય ભીતરમેં જાતી હૈ. પર્યાયકો વાળ. (એમ કહ્યું છે) ૧૩.

**✻ પ્રશ્ન : સ્વભાવની રુચિ કરે તો સ્થૂળબુદ્ધિ હોય તો પણ સૂક્ષ્મ બુદ્ધિ થઈ ગયો કહેવાય?**

● ઉત્તર : સ્થૂળબુદ્ધિ હોય તો ય સૂક્ષ્મબુદ્ધિ થઈ જાય. પોતાનો સ્વભાવ છે ને? સ્થૂળબુદ્ધિ એટલે એની બુદ્ધિ બહાર જાય છે. અંતરમાં દૃષ્ટિ કરે તો એ સૂક્ષ્મબુદ્ધિ થઈ જાય છે. પોતે સૂક્ષ્મ થઈને પોતાને ઓળખી શકે છે. ન ઓળખી શકે એવું નથી. આચાર્યદેવ કહે છે તો કે તું અભ્યાસ કર આ આત્માનો એક છ મહિના અભ્યાસ કર પછી જો અંદર જો, થાય છે કે નથી થાતું. પણ પોતે અભ્યાસ જ કરતો નથી. આ ચૈતનમાં નિશ્ચળ થઈને અંતરમાં જો. આત્મા

પ્રગટ થાય છે કે નહીં. પણ પોતે અંતરમાં જઈને જોતો નથી, તેનો અભ્યાસ કરતો નથી. થોડીવાર કરે ને પછી એમ કહે કે બહુ કર્યું. એની ક્ષણે ક્ષણે લગની લાગવી જોઈએ. જેવી એકત્વબુદ્ધિ છે તે નિરંતર ચાલી રહી છે. એવો ભેદજ્ઞાન કરવાનો એવો પ્રયત્ન કરતો નથી અંતરમાં. ક્ષણે ક્ષણે પોતે ભેદજ્ઞાનની ધારા પ્રગટ કરે એવો પ્રયાસ કરતો નથી. એટલે ક્યાંથી પ્રગટ થાય? સ્થૂળબુદ્ધિ હોય તો ય પણ સૂક્ષ્મ થઈ જાય અને પ્રયોજનભૂત તત્ત્વને ઓળખે ને આત્માના ભવનો અભાવ થાય અને અંદરમાંથી આત્મા પ્રગટ થાય. ન થઈ શકે એવું નથી. આ કાળમાં ગુરુદેવે બહુ ઉપકાર કર્યો છે દુર્લભને પણ સુલભ કરી દીધું છે. ૧૪.

**✻ પ્રશ્ન : સૂક્ષ્મબુદ્ધિ હોય ને અનુભવ ન થાય તો ભવાંતરે પણ. બીજા જન્મમાં પ્રગટ થાય?**

● ઉત્તર : એ પોતે એવાં સંસ્કાર ઊંડા ન કરે એને એવું ને એવો રહે તો સ્થૂળ થાય. પણ પોતે સંસ્કાર નાખે ને એવું સૂક્ષ્મ, પોતે અંતરમાં ઊંડો જાય તો એના સંસ્કાર સાથે આવે તો એને ઓલા ભવમાં પ્રગટ થવાનો અવકાશ છે. ૧૫.

**✻ પ્રશ્ન : સાતમી નરકનો નારકી સમ્યગ્દર્શન પ્રગટ કરતો હશે એ સૂક્ષ્મબુદ્ધિથી જ કરતો હશે ને ?**

● ઉત્તર : સૂક્ષ્મ બુદ્ધિથી જ કરે છે. સાતમી નરકનો નારકી પૂર્વે સંસ્કાર લઈને ગયેલો છે. એ લઈને ગયો છે. ત્યાં એને સૂક્ષ્મબુદ્ધિથી થઈ જાય છે. નારકીને પણ એમ થાય ક્યારે આ, આ બધું શું? આ બધું જીવોને આ બધું દુઃખમય જીવન? આ તે શું? અંદર કોઈ એવો આત્મા છે કે જ્યાં સુખ અને શાંતિ મળે? એવું કંઈ તત્ત્વ છે કે નહીં કે બસ આ દુઃખ એવું છે? નારકીના જીવોને એક ક્ષણની પણ શાંતિ નથી. અંતર વિભાવનું દુઃખ તો છે પણ બહાર સંયોગોનું પણ એટલું દુઃખ છે કે એને એમ વિચાર આવે છે કે અરે! આ શું? બસ! આ એકલું દુઃખ? આમાં ક્યાંય સુખનો કોઈ માર્ગ છે

કે નથી? એમ કરતાં એ ઊંડો ઊતરે છે અને એને સૂક્ષ્મબુદ્ધિ થાય છે. અને જ્ઞાન સ્વરૂપ આત્મા જ્ઞાયકને ગ્રહણ કરે છે અને વિભાવથી છૂટો પડે છે અને સ્વાનુભૂતિને પ્રગટ કરે છે. સાતમી નરકનો નારકી. આત્મા છે ને? સ્વભાવ તો એનો છે. અનંતશક્તિથી ભરેલો એનો સ્વભાવ છે. ૧૬.

* પ્રશ્ન : લગની લગાનેકા પ્રયત્ન કરનેસે ભી કર નહીં પાતા હૈ? સમ્યક્દર્શન હો નહીં પાતા હૈ?

● ઉત્તર : લગની યથાર્થ નહીં લગી હૈ. લગની લગે તો હો સકે. યથાર્થ સચ્ચી લગની લગે તો ભીતરમેં તો આત્મા પીછાનનેમેં આયા વગર રહેતા હી નહીં હૈ. ૧૭.

* પ્રશ્ન : હમ સમજતે હૈ તો યે કે હમને બહુત કુછ દિયા હૈ, બહુત કુછ લગન લગા દી?

● ઉત્તર : ભીતરમેંસે સચ્ચી લગની નહીં લગી. ઉપર ઉપર સે લગતી હૈ. ઉપરસે લગતી હૈ. ૧૮.

* પ્રશ્ન : ભીતરમેંસે લગાને કે લિયે બહેનજી થોડા બહોત તો લગાવ છોડના હી પડેગા?

● ઉત્તર : ભીતરમેંસે લગની લગાને કે લિયે ભીતરમેંસે ઐસી રુચિ, ભીતરમેં, યે સુખ નહીં હૈ બહારમેં. મેરા આત્મામેં સુખકા ભંડાર આત્મામા હૈ. બહારમેં કુછ સુખ નહીં ઐસા વિશ્વાસ આ જાય તો આપોઆપ છૂટ જાતા હૈ. ૧૯.

* પ્રશ્ન : દર્શનમાં શ્રદ્ધાન થયા પછી ચારિત્રનું શ્રદ્ધાન કરવું પડશે નિર્ણયથી?

● ઉત્તર : સમ્યક્દર્શન જિસકો હોતા હૈ સચ્ચી પ્રતીતિ-નિર્વિકલ્પ સ્વાનુભૂતિ, ઐસા સમ્યગ્દર્શન હોવે પીછે સ્વરૂપમેં લીનતા, લીનતા તો અપના પુરુષાર્થસે કરના પડતા હૈ. આપોઆપ નહીં આતા હૈ! પુરુષાર્થસે હોતા હૈ. પણ સમ્યગ્દર્શન હોવે ભવકા અભાવ હો જાતા હૈ. પીછે કેવળજ્ઞાન પ્રગટ કરનેકે લિયે આત્માકી

પૂર્ણ સ્વાનુભૂતિ, પૂર્ણ સ્વરૂપમેં રહેના નિર્વિકલ્પ સ્વરૂપમેં વારંવાર જાના. ઈસકે લિયે લીનતા લગાની પડતી હૈ. ૨૦.

**✻ પ્રશ્ન : ચારિત્રકા પાલન કરના જરૂર હૈ કી પહેલા શ્રદ્ધાનકા પક્કા કરના જરૂરી હૈ ?**

● ઉત્તર : પહેલા શ્રદ્ધાન કરના, પહેલે શ્રદ્ધાન મુક્તિકા માર્ગ હૈ. ચારિત્ર પીછે આતા હૈ. પહેલે શ્રદ્ધાન કરે તો ચારિત્ર હોતા હૈ. શ્રદ્ધાન બિના ચારિત્ર કૈસે હો સકતા હૈ? સચ્ચા ચારિત્ર નહીં હોગા. સમજે વગર ચલને લગે, તો માર્ગ સમજે વગર કીધર જાયેગા! ભાવનગર જાના હૈ તો ઊંધા ચલે જાતા હૈ, સમજ્યા વિના! શ્રદ્ધામેં તો યે ભાવનગરકા માર્ગ હૈ. યે માર્ગકા શ્રદ્ધાન કરના 'મૈં જ્ઞાયક હું, મેરેમેં સબ કુછ ભરા હૈ.' સબ ઈસકા ભેદજ્ઞાન કરકે 'વિભાવ મેરા સ્વભાવ નહીં હૈ. મૈં જ્ઞાયક હું'. ઈસકી શ્રદ્ધા કરકે યથાર્થ ભીતરમેંસે ઈસમેં લીનતા કરે. વિશેષ લીનતા કરનેકે લિયે ચારિત્ર હોતા હૈ. ૨૧

**✻ પ્રશ્ન : ખાલી ચારિત્રકા પાલન કરનેસે કુછ નહીં હોતા હૈ ?**

● ઉત્તર : એકલા ચારિત્રકે પાલન કરનેસે કુછ નહીં હોતા. શુભભાવ હોતા હૈ. પુણ્યબંધ હોતા હૈ. દેવલોકમેં જાતે હૈ. ગ્રૈવેયક ઊપજાયા. ૨૨.

**✻ પ્રશ્ન : નિગોદમેં જાયેગા ? સમ્યગ્દષ્ટિ નહીં હુઆ તો ?**

● ઉત્તર : ઐસે નહીં, પરિભ્રમણ નહીં છૂટેગા. મુનિવ્રત ધાર અનંત વાર ગ્રૈવેયક ઉપજાયો. મુનિવ્રત ધારણ કરીને અનંતવાર ગ્રૈવેયકમાં ગયો પણ ભવભ્રમણ છૂટા હી નહીં. ઐસા સમ્યગ્દર્શન કરનેસે ભવ ભ્રમણ છૂટ જાયેગા. ૨૩.

**✻ પ્રશ્ન : ઇસકા ક્યા પ્રમાણ હૈ કિ મનુષ્યભવ છૂટ જાયેગા. આગે કે ભવો કે લિયે ક્યા પતા હૈ કિ મનુષ્યભવ મિલેગા કિ નહીં ?**

● ઉત્તર : અપના પરિણામ દેખ લેના. મૈં કૈસા પરિણામ કરતા હૂં? આગે ક્યા? જૈસા પરિણામ હોવે વૈસા ફલ મીલતા હૈ. મેરે કૈસા પરિણામ ભીતરમેં હોતા હૈ? પરિણામમેં કલુષિતતા ઔર

બહોત બહારકી લુબ્ધતા, રુચિ હોવે તો પરિણામ જૈસે ઉસકા પરિણામ ઐસા ઉસકા ભવ. કૈસા પરિણામ હોતા હૈ મેરા? દેખ લેના મૈં અંતરમેંસે કિતના નિરાલા રહેતા હૂં? આત્માકી કિતની રુચિ હૈ? યે સબ દેખ લેના. પરિણામકી જો દૌડ ઐસી હૈ એકત્વબુદ્ધિ તો, જૈસા પરિણામ ઐસા ફળ.

ભવ મિલનેસે ક્યા હોતા હૈ? ભીતરમેં આત્માકી રુચિ કરનેસે ભવકા અભાવ હોતા હૈ. ભવ તો દેવકા ભવ અનંતવાર મિલા અને મનુષ્યકા ભવ ભી અનંતવાર મિલા. સબ કુછ મિલ ચૂકા હૈ.

(લેકિન ભવકા અભાવ નહીં હુઆ.) શુભભાવ કરનેસે પુણ્યબંધ હોવે તો દેવલોક હોતા હૈ. મનુષ્ય ભવ હોતા હૈ શુભભાવસે. પણ ભવકા અભાવ તો નહીં હુઆ. ભવકા અભાવ કૈસે હો ઐસે કરના ચાહિએ. ૨૪.

✻ પ્રશ્ન : ભવકા અભાવ કરનેકે લિયે અનુભૂતિ પ્રાપ્ત કરના?

● ઉત્તર : અનુભૂતિ પ્રાપ્ત કરે તો ભવકા અભાવ હોતા હૈ. ૨૫.

✻ પ્રશ્ન : સિદ્ધ અવસ્થા પ્રાપ્ત યે અંતઃતત્ત્વ હૈ કે બાહ્યકા તત્ત્વ હૈ ?

● ઉત્તર : સિદ્ધત્વ પ્રાપ્ત કરે યે અંતઃતત્ત્વ હૈ. યે અંતર તત્ત્વ હૈ. સિદ્ધ તત્ત્વ તો અંતર તત્ત્વ હૈ.

નિયમસારમેં ભી કહા હૈ (બાહ્ય તત્ત્વ　હૈ)

સિદ્ધ દશા સિદ્ધ અપેક્ષાસે અંતઃતત્ત્વ હૈ ઔર પર્યાય અપેક્ષાએ બાહ્ય કહનેમેં આતા હૈ. ૨૬.

✻ પ્રશ્ન : સિદ્ધકે દશા હોનેકે બાદમેં તો પર્યાયકો? (અસ્પષ્ટ...) હી નહીં રહતા. અજ્ઞાનીકા તો પ્રશ્ન હી નહીં.

● ઉત્તર : સિદ્ધ દશા તો સબ અંતઃ તત્ત્વ હી ભીતરમેં લીન હો ગયા. સિદ્ધકી દશા. કેવળજ્ઞાન પ્રાપ્ત હો ગયા. વિકલ્પ સબ તૂટ

ગયા. દર્શન, સમ્યગ્દૃષ્ટિ હોતા હૈ જો સમ્યક્દર્શન દર્શન કી અપેક્ષાએ દર્શનકા હોતા હૈ વિષયમેં દર્શનમેં એ પર્યાય ગૌણ હોતી હૈ. દ્રવ્ય મુખ્ય રહેતા હૈ. ઈસકી અપેક્ષાએ બાહ્યઅભ્યંતર કહનેમેં આતા હૈ. બાકી જ્ઞાન સબ જાનતા હૈ. યે પર્યાય હૈ, દ્રવ્ય હૈ, પર્યાય ઔર દ્રવ્ય સબ દ્રવ્યકા સ્વરૂપ હૈ. સિદ્ધકા સ્વરૂપ હૈ. તો સબ અંતર હી હૈ. ૨૭.

● બહેનશ્રી : જૈસા અપના શુભભાવ, શુભભાવ હોવે તો પુણ્ય બંધે. પરિણામકે ઉપર પુણ્ય હૈ. પરિણામ જે દર્શન કરકે પરિણામ અચ્છા હોય તો પુણ્ય બંધે. પરિણામ યહાં વહાં ચલા જાતા હૈ. પરિણામ દૂસરા હોતા હૈ તો પરિણામ અચ્છા હોવે તો પુણ્ય બંધતા હૈ. સ્વરૂપકી પ્રાપ્તિ તો નહીં હોતી. શુભભાવ હોતા હૈ. પુણ્યબંધ. તો સામાન્ય પુણ્યબંધ હોતા હૈ. કારણ કે અપના આત્માકા સ્વરૂપ પીછાનતા નહીં હૈ. ક્યા તીર્થ તીર્થ ફરે, આત્માકા આત્મા સ્વરૂપ તીર્થકો નહીં પીછાને આત્મા તીર્થકો. ઔર તીર્થ તીર્થ ફરે તો ક્યા? શુભભાવ હોતા હૈ. શુભભાવ રખે, શુભભાવ પુણ્યબંધ હોતા હૈ. ઐસા નિયમ નહીં હૈ. સબકા ભાવ ઐસા રહેતા હૈ? યોગ્યતા હોતી હૈ ઐસા ભાવ રહેતા હૈ. ક્ષેત્ર ક્યા કરે? ક્ષેત્ર કુછ કો કંઈ કર નહીં દેતા! અપના ભાવ ઐસા રહે તો અપની યોગ્યતા, અપના દોષ હૈ. તીર્થ ક્યા કરતા? નિમિત્ત કુછ કર નહીં દેતા હૈ! અપને ઉપાદાનકી તૈયારી હોવે તો હોતા હૈ. ૨૮.

● બહેનશ્રી : પ્રતિકૂળતા વખતે વિચાર કરવો, આ પ્રતિકૂળતા કાંઈ મારા આત્મામાં નથી. હું એક ચૈતન્ય, પ્રતિકૂળતા મારા આત્માને કાંઈ નુકશાન કરતી નથી. એ તો બહારના પુણ્ય-પાપ, અનુકૂળતા—પુણ્યના ઉદય હોય અનુકૂળતા હોય છે, એ પાપના ઉદયે પ્રતિકૂળતા હોય છે. અનુકૂળ પ્રતિકૂળ બધા બહારના સંયોગ છે. અંદર આત્મા તો કુદરતી. પ્રતિકૂળતા આત્માને કાંઈ નડતી નથી. ગમે તેવી પ્રતિકૂળતા હોય, અનુકૂળતા હોય તોય આત્મા અંદરથી જુદો રહીને શાંતિ રાખી શકે છે. પોતે સ્વતંત્ર છે. હું જાણનારો જ્ઞાયક

છું. મારા આત્મામાં એ છે નહીં. અંદર રાગદ્વેષ, અંદર રાગદ્વેષ થાય એ સ્વભાવ પણ મારો નથી તો બહારની પ્રતિકૂળતા ક્યાં મારો સ્વભાવ છે? મુનિ ગમે એવા ઉપસર્ગો (સમયે) એકદમ શાંતિ રાખીને આત્માનું ધ્યાન કરીને આત્મામાં આગળ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. પ્રતિકૂળતા કાંઈ આત્માનું સ્વરૂપ નથી. આત્મા એનાથી જુદો છે એમ વિચાર કરી લે. ૨૯.

**✻ પ્રશ્ન : ભક્તિ કરીએ એની સાથે આત્માનું કામ કેવી રીતે થાય ?**

● ઉત્તર : દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ કરીએ એની સાથે આત્માનું કામ થાય. એ જિનેન્દ્રદેવે કર્યું છે. ભગવાને પણ જે આત્માનું સ્વરૂપ મહિમાવંત એને ભગવાને પ્રાપ્ત કર્યું છે. ગુરુ એની સાધના કરી રહ્યાં છે ને શાસ્ત્રમાં એવું સ્વરૂપ આવે છે. એનો મહિમા આવે કે આ કરવા જેવું તો આ જ છે કે જે ભગવાને પ્રગટ કર્યું છે. ગુરુ સાધના કરે છે માટે તે જ આ આદરવા યોગ્ય છે. ગુરુની જેને મહિમા આવે એને આત્માની મહિમા આવ્યા વગર રહેતી નથી. એ જેવું ગુરુએ કર્યું છે એવું મને કેમ પ્રાપ્ત થાય એવી રુચિ આવ્યા વગર રહેતી નથી એને. એને સાથે આત્માનું થાય. ગુરુ શું કહી ગયા છે? ગુરુ એમ કહે છે કે તું તારા આત્માને ઓળખ. તું ભગવાન જેવો છું. ગુરુની આજ્ઞા પાળી ક્યારે કહેવાય કે ગુરુ જે કહે એ પોતે અંદર વિચાર કરે છે. અનાદિકાળથી અનંતકાળમાં પરિભ્રમણ કરતાં મનુષ્ય દેહ મળ્યો એમાં ગુરુ મળ્યા પંચમકાળમાં, માર્ગ બતાવ્યો. દેશનાલબ્ધિ અનંતકાળથી—એવો નિમિત્ત ઉપાદાનના સંબંધ છે કે અનંત કાળથી જીવ પહેલીવાર સમ્યગ્દર્શન પામે તો કોઈ જિનેન્દ્રદેવ, અથવા ગુરુ સાક્ષાત્ મળે છે ત્યારે એને અંદર દેશના થાય છે એવો નિમિત્ત ઉપાદાનનો સંબંધ છે, કરે છે પોતાથી. ઉપાદાન પોતાનું છે. એની સાથે આત્માનું થઈ શકે છે. એ તો દેવ ગુરુની ભક્તિ કરતાં, એને મહિમા આવતાં વિચાર કરે કે હું પણ

એમના જેવો છું. જેવા ભગવાન છે એવો હું છું. ભગવાન એમ કહે છે કે તું મારા જેવો છું. તું અંદર જો. ભગવાનના ઉપદેશમાં પણ એમ છે. ગુરુદેવ પણ એમ કહેતા કે તું ભગવાન જેવો છું. તું ઓળખ. તું શરીરથી જુદો જાણનાર જ્ઞાયક છે. એમ ગુરુનો ઉપદેશ શું છે? એ ગુરુનો ઉપદેશ ગ્રહણ કરે તો અંતરમાં પોતે પોતાના આત્માને ઓળખી શકે છે. એવો નિમિત્ત ઉપાદાનનો સંબંધ છે. ભક્તિ કરે તો ન થાય એવું નથી. દેવ ગુરુની મહિમા એનું સાધન બને છે પણ નિમિત્ત અને ઉપાદાન તો સાથે હોય છે. ૩૦.

ભક્તિ : બિના નયન પાવે નહીં, બિના નયનકી બાત.
સેવે સદ્ગુરુ કે ચરણ, સો પાવે સાક્ષાત્.

*** પ્રશ્ન : ગુરુદેવકે પ્રવચનમેં આતા હૈ કિ ઇન્દ્રિય ઔર મનકે દ્વારા આત્મા પહિચાના નહીં જાતા. તો કૈસે પહચાને?**

● ઉત્તર : ઈન્દ્રિય અને મન દ્વારા નથી પકડાતો, પણ વો જ્ઞાન હૈ યે વર્તમાન પર્યાયમેં એકત્વ નહીં હો ગયા હૈ. જ્ઞાનકો ભિન્ન કરકે જ્ઞાયકકો ભિન્ન કર સકતા હૈ. એ વર્તમાન ભલે એને એકત્વ જે થઈ ગયું એ પણ વાસ્તવિક એકત્વ નથી થયું જ્ઞાન. વાસ્તવિક પર રૂપે એ એનો ઉપયોગ એવી રીતે માન્યતામાં એકત્વ થઈ ગયું છે પણ તેમાંથી તે છૂટું પાડી શકે છે કે હું તો જ્ઞાયક છું. એ જ્ઞાનને પોતે જુદું પાડીને હું જ્ઞાયક છું એમ ગ્રહણ કરી શકે છે. જ્ઞાન એવી જાતનું એકત્વ નથી થયું કે એનાથી છૂટું જ ન પડે. વર્તમાન જે દેખાય એ ભલે પરના આશ્રયવાળું, મનવાળું, ઈન્દ્રિયવાળું, દેખાય પણ એમાંથી છૂટું પાડી શકે છે. ઈ એવું એકત્વ એવી જાતનું નથી કે એમાંથી છૂટું જ ન પડે.

અંદર ચૈતન્યદ્રવ્યને જ્યાં ગ્રહણ કરે છે તે જ્ઞાન પણ છૂટું પડે છે. જ્ઞાયક જ છે. આવે છે ને જ્ઞાન, જ્ઞાન, 'જેટલું જ્ઞાન તેટલો તું' શાસ્ત્રમાં આવે છે. જેટલું આ દેખાય એટલો તું, તેમાં પ્રીતિ કર, તેમાં રુચિ કર તેમાં સંતોષ થાય. 'જેટલું જ્ઞાન એટલું તું, બીજું તું નહીં'

તો 'જ્ઞાન એટલો તું' એટલે તું કાંઈ આ પર રૂપે, ઈન્દ્રિયોરૂપે થઈ ગયો ઈ તું એમ નહીં, પણ એમાં એકલું જ્ઞાન દેખાય ઈ તું. જ્ઞાન એમાંથી છૂટુ પડે છે કે જેટલું જ્ઞાન જે દેખાય એટલે તું એને છૂટું પાડે. 'ક્ષયોપશમ જ્ઞાન, ખંડવાળુ ઈ તું' એમ નહીં, પણ એમાં અખંડ જ્ઞાન છે ઈ જ્ઞાન ઈ તું જ્ઞાન છૂટું પડે છે. ૩૧.

✻ પ્રશ્ન : મૂળ તત્ત્વ, પર પદાર્થ નહીં.

● ઉત્તર : પર પદાર્થ તને કાંઈ નથી કરતું. તારા પુરુષાર્થની મંદતા છે. ૩૨.

✻ પ્રશ્ન : પહેલા શ્રદ્ધાના પુરુષાર્થની સ્થિતિ ઓળખીને એના ઉપર પ્રજ્ઞા મારવાથી કંઈ રીતે પુરુષાર્થ? એ છૂટું પડે તો પુરુષાર્થ કામ આવે ?

● ઉત્તર : જ્ઞાયકને ઓળખવા પ્રયત્ન કરવો. શ્રદ્ધા જ્ઞાયક તે જ્ઞાયક છે એમ શ્રદ્ધા કરે. એમ જ્ઞાયકની દૃઢતા કરે. જ્ઞાયકની પ્રતીતિ દૃઢ કરે. જ્ઞાયક તે મારો જ્ઞાયક! એ ભેદજ્ઞાનની પરિણતિનો અભ્યાસ કરે. જ્ઞાતાને છુટ્ટો પાડવાનો પ્રયત્ન કરે. પ્રતીતિને દૃઢ કરવાનો પ્રયત્ન કરે. એમાં એને અમુક આત્માર્થીને અમુક પાત્રતામાં તો હોય છે. પણ એ કષાયની ઉપશાંતતા એ તો બધું હોય છે. એ હોય તો એમાં કાંઈ નુકશાન નથી. એ તો સાથે હોય જ છે. એ તો એને પોષણ આપે એવા છે. એમાં સાથે તો હોય છે. માત્ર મોક્ષ અભિલાષ. ૩૩.

✻ પ્રશ્ન : જ્ઞાયકની પ્રતીતિમાં કોઈવાર એમ થઈ જાય છે કે જાણે સ્વચ્છંદ. એની ઓથે સ્વચ્છંદ તો નહીં સેવાતો હોય ને ?

● ઉત્તર : પોતાની પરિણતિને પોતે ઓળખી લેવાની છે, કે ક્યાં રોકાઈ જાવ છું? પ્રતીતની દૃઢતામાં છે? આ વચ્ચે અસ્થિરતા છે? કે આ શું છે? એ પોતે, પોતે ઓળખી લે પોતાને. ૩૪.

✻ પ્રશ્ન : સ્વરૂપ રમણતાની પ્રાપ્તિ કરવી તે જ પ્રાયશ્ચિત્ત છે ?

● ઉત્તર : સ્વરૂપની રમણતા પ્રાપ્ત થાય, આત્માની શ્રદ્ધાપૂર્વક

જ્ઞાયકની પરિણતિ જેને પ્રગટ થઈ એમાં વિશેષ રમણતા પ્રાપ્ત થાય. તે જ વિભાવનું પ્રાયશ્ચિત્ત છે. બાકી વ્યવહારનું પ્રાયશ્ચિત્ત સાધકદશામાં આવે છે પણ ખરૂં પ્રાયશ્ચિત્ત અંતરમાં પોતાના સ્વરૂપની પ્રાપ્તિ કરવી તેજ ખરૂં વિભાવનું પ્રાયશ્ચિત્ત છે.

દોષોનું પ્રાયશ્ચિત્ત તે છે કે અંતરમાં ગુણોની પ્રાપ્તિ કરવી. તે જ વિભાવના દોષોનું પ્રાયશ્ચિત્ત છે ખરૂં અંતરમાંથી. અને અંતરમાં જેવું પ્રાયશ્ચિત થાય એની સાથે વ્યવહાર શુભ રાગ હોય છે. જેવું પ્રાયશ્ચિત તેવો વ્યવહાર હોય છે. મુનિઓને સાધકોને બધાને—કોઈ મુનિ અસ્થિરતાની પરિણતિને લઈને પ્રાયશ્ચિત લે કે આ વિભાવ મારે જોતો નથી. વિભાવની પરિણતિ આવે એ પણ વ્યવહાર! વ્યવહાર પ્રાયશ્ચિત હોય પણ ખરૂં પ્રાયશ્ચિત અંતરમાં ગુણોની પ્રાપ્તિ કરી સ્વરૂપની રમણતા પ્રાપ્ત કરવી તે જ ખરૂં પ્રાયશ્ચિત. વિભાવનો દોષ ટળે અને ગુણોની પ્રાપ્તિ થાય એજ ખરૂં પ્રાયશ્ચિત છે. બાકી એકલો આત્માની સ્વરૂપની પ્રાપ્તિ વગર જે પ્રાયશ્ચિત એ બધો વ્યવહાર છે, શુભભાવ છે. ખરૂં પ્રાયશ્ચિત અંતરમાં છે. અંતરમાંથી ભેદજ્ઞાન કરીને એ દોષથી છૂટીને અને વિશેષ સ્વરૂપ રમણતાની પ્રાપ્તિ થાય એ જ એનું પ્રાયશ્ચિત છે. વિભાવના દોષોનું પ્રાયશ્ચિત છે. ૩૫.

● બહેનશ્રી : લાગણી હીન ઈ હવે લાગણી રાગ છે. લાગણી એટલે શુભભાવ. લાગણી વગર નથી. રાગ છોડી દે. અંતરમાં પહેલાથી શ્રદ્ધામાંથી છોડવાનું છે. રાગ મારું સ્વરૂપ નથી. સંસારનો કોઈ જાતનો રાગ આવે તે મારૂં સ્વરૂપ જ નથી. હું તો જ્ઞાયક છું. હું તો જાણનારો આનંદસ્વરૂપ આત્મા છું. હવે ઈ જ્ઞાયકની પરિણતિ જ્ઞાયકની શ્રદ્ધા પ્રગટ થઈ કે અંતરમાં જિજ્ઞાસા, ભાવના કરી કે હું જ્ઞાયક છું. કોઈ રાગ આદરણીય નથી. કોઈ જાતની સંસારની કોઈ લાગણી માત્ર આદરણીય નથી. આત્મા તો વીતરાગ સ્વરૂપ છે. એમાં કોઈ જાતની લાગણી કે રાગ! લાગણી એ રાગ છે. કોઈ જાતનું કાંઈ આદરણીય નથી. એવી શ્રદ્ધા પહેલા જ્ઞાયકમાં આવવી જોઈએ. પછી

એ તો સંસારમાં ઊભો છે એટલે એને રાગ ને જે દયાની લાગણી, વાત્સલ્યની લાગણી એ તો આવવાની જ છે. એમાં કંઈ લાગણી વગરનું—એ તો શુભભાવો છે. ઈ એને આવ્યા વગર રહેતા નથી. પણ શ્રદ્ધામાંથી તો છોડે પહેલાં, કે એકે લાગણી આદરણીય નથી આત્મામાં. એ સંસારની લાગણીઓ એ બધી આદરણીય એકેય નથી. આત્મા સિદ્ધ ભગવાન જેવો છે. એકેય લાગણી આદરવા યોગ્ય નથી. પણ ઈ સંસારમાં ઊભો છે એટલે અશુભભાવથી છૂટીને, શુભભાવની લાગણીઓ, વચ્ચે આવે છે. દયાની લાગણી, વાત્સલ્યની લાગણી એવી લાગણીઓ તો ઊભી હોય છે. એ તો આવ્યા વગર રહેવાની નથી. પણ એમાંથી તું રુચિ છોડી નાંખ. એ તો વચ્ચે આવે છે. કેટલાક કહે છે કે 'રાગ છોડી દે તો લાગણી વગરના એવા થઈ જાશું', આવા થઈ જાશું. સંસારની અરે! પણ અંદરથી શ્રદ્ધા તો કર. પહેલા આત્મા તો જ્ઞાયક છે. વિકલ્પ વગરનો આત્મા છે. એવી શ્રદ્ધા તો કરે પછી ઈ લાગણીઓ તો જે સંસારમાં ઊભા હોય ને અમુક જાતની આવવાની જ છે. લાગણી વગરનો થઈ નથી જતો. લાગણી વગરનો થઈ જાય તો અંતર સ્વરૂપમાં જે લીન થાય એ ખરેખર વીતરાગ થઈ જાય છે લાગણી વગરનો. અમુક ભૂમિકામાં ઊભો હોય એને અમુક જાતના રાગ તો આવ્યા વગર રહેવાના નથી. પહેલા અંદરમાંથી છોડે એકેય આદરણીય કાંઈ નથી. ૩૬.

✻ પ્રશ્ન : આદરણીય કાંઇ નથી તો પછી આદરણીય શું છે ?

● ઉત્તર : આદરણીય એક આત્મા છે જ્ઞાયક. બીજું કાંઈ આદરણીય નથી. બધે આકુળતા છે સંસારમાં, શુભ અને અશુભ બધું કાંઈ આત્માનું સ્વરૂપ નથી. એક જ્ઞાયક આદરણીય છે. પણ વચ્ચે શુભભાવ આવ્યા વગર રહેતા નથી જ્યાં સુધી જ્ઞાયક પ્રગટ ન થાય. એક શ્રદ્ધામાં સમ્યગ્દર્શન થાય તો પણ અમુક જાતની અસ્થિરતા ઉભી રહે છે. અને જિજ્ઞાસુ જિજ્ઞાસા, ભાવના કરે કે હું તો જ્ઞાયક, જ્ઞાયક જ આદરણીય. તો યે શુભભાવો વચ્ચે આવે છે.

દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમા, જિનેન્દ્ર, દેવ, ગુરુ, શાસ્ત્ર એની મહિમા બધા શુભરાગો આવે છે. દયા આવે, વાત્સલ્ય આવે, એ તો બધું આવે છે શુભ રાગો પણ એ તો વ્યવહારે આદરણીય કહેવાય એને. અરે! વાસ્તવિક આદરણીય જ્ઞાયક છે. વ્યવહારે શુભરાગ ને વ્યવહારથી આદરણીય કહેવાય. એટલે કે કાંઈ આદરીને છેક સુધી રહેતા નથી પોતાના સ્વરૂપમાં. જ્યાં સુધી અંતરમાં પ્રગટ ન થાય વીતરાગદશા ત્યાંસુધી આ શુભ રાગો દેવ, ગુરુ, શાસ્ત્રની મહિમા, દયા એ બધું આવ્યા કરે છે. દયા, દાન એ બધું આવ્યા કરે છે પણ એ બધો વ્યવહારથી આદરણીય કહેવામાં આવે છે. વાસ્તવિક આદરણીય જ્ઞાયક છે. એ એના ધ્યેયપૂર્વક વચ્ચે આવ્યા વગર રહેતું નથી.

મુનિઓને પંચ મહાવ્રતના પરિણામ, શ્રાવકના અણુવ્રતના પરિણામ એ બધા વચ્ચે આવે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમાએ બધો, બધો વ્યવહાર આવે છે. પણ એટલે ઈ કાંઈ આત્માનું મૂળ સ્વરૂપ નથી. ૩૭.

● બહેનશ્રી : મુનિઓ કોના આધારે મુનિપણું પાળશે? બધો તમે નિષેધ, નિષેધ કરો છો. બધું નિષેધ કરો તો મુનિ કોના શરણે આ મુનિપણું પાળશે? તમે વ્રત અને આ બધાને નિષેધ કરો છો કે શુભરાગ શુભરાગ છે. મુનિ કોના શરણે શું? આત્માના શરણે મુનિપણું પાળે છે. મુનિઓ તો 'અમૃતમ્ નિરત' અમૃતમાં લીન થઈ ગયા છે. સ્વરૂપના અમૃતરસમાં લીન છે. એને શુભરાગનું કાંઈ શરણ હોય તો મુનિપણું પળાય એવું નથી. એ તો પોતાના શરણે આત્માના અમૃત સ્વરૂપમાં લીન થઈ ગયા છે. એને આધારે એ મુનિપણું પાળે છે. બહાર આવે એટલે એને પંચ મહાવ્રતના પરિણામના શુભરાગ, દેવ-ગુરુ-શાસ્ત્રના વિકલ્પો એ બધું મુનિને આવે છે. એની પૂજા ને એ બધું ન આવે. મુનિને દેવ-ગુરુ-શાસ્ત્રના વિકલ્પો આવે છે. શાસ્ત્રો રચે છે. જિનેન્દ્રદેવ-ગુરુની મહિમાના

શ્લોકો રચે છે. બધુ મુનિને આવે છે. બહાર આવે ત્યારે સ્વરૂપમાં નથી. એને આશ્રય પોતાના આત્માનો છે. બહાર આવે ત્યારે શુભ ભાવો આવે છે. પણ એ શુભભાવોને પોતે આત્મા ને જ્ઞાયકની પરિણતિની આગળ એને આદરણીય માનતા નથી. આદરણીય એક જ્ઞાયક સ્વરૂપ છે. જ્ઞાયક જ એક આદરણીય, વીતરાગદશા આદરણીય છે. આ તો વીતરાગ સ્વરૂપમાં ઠરી નથી જવાતું એટલે આ બહારમાં ઉભું રહેવું પડે છે. ૩૮.

✻ પ્રશ્ન : જ્ઞાયકની પરિણતિ એટલે જ્ઞાયકમાં ને ?

● ઉત્તર : જ્ઞાયક, જ્ઞાયક દ્રવ્ય જે છે એ જ્ઞાયકની બરાબર શ્રદ્ધા કરવી, એની પર દૃષ્ટિ કરવી અને એ જ્ઞાયકની જ્ઞાયકરૂપ અવસ્થા પ્રગટ કરવી. જ્ઞાયક દ્રવ્ય આદરણીય છે ને જ્ઞાયકની જ્ઞાયકરૂપ શુદ્ધપરિણતિ પ્રગટ થાય ત્યારે શુદ્ધ પરિણતિ, દ્રવ્ય અને એની શુદ્ધ પરિણતિ. ૩૯

✻ પ્રશ્ન : ત્યાં સુધી હું જ્ઞાયક છું એવો વિકલ્પ અને અંદર ક્યાંક શ્રદ્ધાનું જોર? કે ...

● ઉત્તર : પદાર્થ પર શ્રદ્ધાનું જોર કે આ 'હું જ્ઞાયક છું' એવી શ્રદ્ધાનું જોર, વિકલ્પ સહિત આવે છે પહેલી ભૂમિકામાં તો એને. ૪૦.

✻ પ્રશ્ન : વજન ક્યાં જાય ? પદાર્થ જ્યાં છે ત્યાં એ નિર્ણયમાં જાય. નિર્ણય એ બાજુમાં રહી ગયું ?

● ઉત્તર : વજન દ્રવ્ય પર જાવું જોઈએ. વજન એની પર જ્ઞાયક. મારે જ્ઞાયક જ મુખ્ય છે. બીજું બધુ શુભભાવ આદરણીય નથી. અશુભભાવો તો આદરણીય નથી. શુભભાવો વ્યવહારે વચમાં આવ્યા વગર રહેતા નથી. આદરણીય એક શુદ્ધ આત્મા છે. ઈ તો એક દ્રવ્ય પર જાવું જોઈએ. જે વિકલ્પ વગરનું દ્રવ્ય છે એના ઉપર જ વજન જાવું જોઈએ. ૪૧

✻ પ્રશ્ન : એમાં વિચાર કેવા ?

● ઉત્તર : ભેદજ્ઞાન થયા પછી તો પછી તો સહજ છે પણ પહેલાં તો એની ભાવના વિકલ્પો રૂપે આવ્યા. જિજ્ઞાસુને એ રીતે આવે છે. ૪૨.

**✻ પ્રશ્ન : મારો પ્રશ્ન એ છે કે જે શુભરાગ એટલે રાગધારા કર્મધારા જે ચાલે છે. એમાં જે રાગ ઉત્પન્ન થાય છે ઈ રાગમાં એની મુખ્યતા પુરુષાર્થની લે છે કે મારા પુરુષાર્થની મંદતા ને લીધે આ રાગ ઉત્પન્ન થાય છે, એમ ઈ લે છે કે અને કાર્યમાં પાંચે સમવાય તો સાથે છે પણ મુખ્યતાથી? આ શુભરાગમાં મુખ્યતા કોની કરે છે? પુરુષાર્થની મુખ્યતા ?**

● ઉત્તર : મારી મંદતા છે. પુરુષાર્થની મંદતા છે. હું જ્ઞાયક છું પણ મારો સ્વભાવ નથી. એ એનું સ્વતંત્ર પરિણમન છે. એ બધું જાણે છે. પણ એની સાથે મુખ્યે એને એમ છે કે મારા પુરુષાર્થની મંદતા છે. મુખ્ય એમ છે કે મારા પુરુષાર્થની મંદતા છે, આ મારો સ્વભાવ નથી પણ મારા પુરુષાર્થની મંદતા. પુરુષાર્થ મારો સ્વભાવ તરફ જાય તો આ બધું છૂટી જાય એમ, પણ એની આકુળતા નથી. મારા પુરુષાર્થની મંદતા છે. હું કેમ કરીને અંતરમાં જાવું એવી ભાવના હોય છે.

ઉભો છે જ્ઞાનમાં, જાણે છે કે આ જે છે એ મારૂં સહજ પરિણમન આ. ચારિત્રમાં એમ જાણે છે કે આ મારા પુરુષાર્થની મંદતા અને પુરુષાર્થની મંદતા એને ખ્યાલમાં મુખ્યપણે રહે છે. બહારમાં સંયોગો તો હાલ્યા કરે અને સંયોગ આત્માનું અંતરમાં મનુષ્યજન્મમાં સંસ્કાર પડે એજ કરવાનું ખરું તો ઈ છે. ૪૩.

બોલો સદ્‌ગુરુદેવનો જય હો...

ભગવતી માતનો જય હો...